For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ડભોઇ રોડ પર મહિલાઓનો કોર્પોરેશન વિરુદ્ધ આક્રોશ ફાટ્યો : માટલા ફોડી વિરોધ દર્શાવ્યો

# પાણીની તંગીથી ત્રસ્ત મહિલાઓનો મોરચો

**મહિલા મેયરને** વડોદરાની મહિલા શક્તિનો પહેલો વિરોધ જોવા મળ્યો : દુષિત પાણીની સમસ્યા મહિલા મેયર દૂર કરે તેવી અભિલાષા



(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરના ડભોઈ રોડ સ્થિત શાંતિનગર વિસ્તારના રહીશો લાંબા સમયથી ચાલી રહેલી પાણીની ગંભીર સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પીવાના શુદ્ધ પાણીના અભાવે સ્થાનિક લોકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર સમસ્યાના વિરોધમાં શનિવારે સ્થાનિક રહીશો ખૂબ જ મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. એકત્રિત થયેલા લોકોએ મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. પાણીની તકલીફથી કંટાળેલા રહીશોએ વહીવટી તંત્રની નિષ્ક્રિય કામગીરી સામે વિરોધ દર્શાવવા માટે રસ્તા પર માટલા ફોડ્યા હતા અને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક રહીશો દ્વારા મળતી વિગતો અનુસાર, વૉર્ડ નંબર-16 માં આવતા શક્તિ નગર, શાંતિનગર-1 અને 2, હીરાબાનગર, વિશ્વકર્માનગર તથા પંચમુખીનગર સહિતના આસપાસના વિસ્તારોમાં છેલ્લા 8 મહિનાથી પાણીની ગંભીર અછત પ્રવર્તી રહી છે. આ અસરગ્રસ્ત વિસ્તારમાં અંદાજે 1,000 જેટલા મકાનો આવેલા છે, જ્યાં કોર્પોરેશન દ્વારા ખૂબ જ ઓછા પ્રમાણમાં અને દૂષિત પાણી પૂરું પાડવામાં આવી રહ્યું હોવાનો દાવો સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો છે. આઠ-આઠ મહિનાથી ગંદુ અને અપૂરતું પાણી મળવાને કારણે સ્થાનિકોનું જીવવું દુષ્કર બની ગયું છે.

નાગરિકોએ તંત્ર સામે રોષ પ્રગટ કરતા જણાવ્યું હતું કે તેઓ મ્યુનિસિપલ કોર્પોરેશનને નિયમિત રીતે પોતાના વેરા ભરે છે. વેરો ભરવા છતાં તેમને શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી, જે તેમના હકનું હનન છે. આ સમસ્યા અંગે સ્થાનિક લોકો દ્વારા અનેકવાર વૉર્ડ કચેરી તેમજ સ્થાનિક આગેવાનોને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ આજ દિન સુધી તંત્ર દ્વારા કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવ્યો નથી. પોતાના વિસ્તારમાં પાણી ન આવવાને કારણે લોકોને પાણી ભરવા માટે અન્ય વિસ્તારોમાં ભટકવું પડે છે, જ્યાં ઘણી વખત અપમાનજનક સ્થિતિનો પણ સામનો કરવો પડે છે. આ સમગ્ર મામલે પૂર્વ વિપક્ષના નેતાએ પણ તંત્ર સમક્ષ રજૂઆત કરી હોવાની વિગતો સામે આવી છે. સ્થાનિક રહીશોએ હવે આરપારની લડાઈ લડવાનો મૂડ બનાવી લીધો છે. રહીશોએ વહીવટી તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો વહેલી તકે આ પાણીની સમસ્યાનો કાયમી નિકાલ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં તેઓ પાણી પુરવઠા કચેરી અને મ્યુનિસિપલ કમિશનરની કચેરીએ મોટી સંખ્યામાં ઉગ્ર મોરચો લઈને જશે.

### AAP નેતા અશોક ઓઝાનો પોતાની ધરપકડ મુદ્દે યુ ટર્ન

# "મેં એવું કહેવા માટે ફોન નહોતો કર્યો કે, આઈબી બનીને ફોન કરો"

(પ્રતિનિધિ) વડોદરા તા.31

આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝાને આરોપી દર્શાવીને કેસ કરવામાં આવ્યો હતો. પોલીસ સમક્ષ તેમણે પાર્ટીના નેતાને ફસાવવા કાવતરું કર્યું હોવાનું કબૂલ્યું હતું પરંતુ જમીન પર છૂટતા જ તેઓ ફરી ગયા હતા. આ મુદ્દા પર તેમણે આજે યુ ટર્ન લેતા જણાવ્યું હતું કે, આખી હકીકત ઉપજાવી કાઢેલી છે, મને પોલીસ લઈ ગઈ અને મારો વિડીયો બનાવવામાં આવ્યો. હું એક જ વાત કહું છું કે જે ફોન થયો હતો તે ફોન મેં આઈબીને કર્યો હતો એ પૂછવા માટે કે "તમારે શું જરૂરિયાત છે" અને તેની અંદર જે અમારા પદાધિકારી કેશવ ચૌહાણ છે, એ પોતે પણ કોન્ફરન્સ કોલમાં હાજર હતા. મેં એવું કહેવા માટે ફોન નહોતો કર્યો કે "તમે આમ કરો અને આઈબી બનીને ફોન કરો".



વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અશોક ઓઝાએ જણાવ્યું હતું કે, આ બધી બાબત બાજુમાં રાખીએ અને આપણે જોઈએ કે મને જ્યારે લઈ જવામાં આવ્યો ત્યાં એક મેડમ આવે છે, તેઓ એક રૂમમાં, પોતાની જાતને પીઆઇ બતાવીને મારી સાથે બે કલાક સુધી ચર્ચાઓ કરે છે. એ ચર્ચામાં તેઓ ફક્ત અને ફક્ત પાર્ટીના જુના સંગઠન અને નવા સંગઠન પૂછે છે. તો શું મને ત્યાં એટલા માટે લઈ જવામાં આવ્યો હતો કે પાર્ટીનું સંગઠન કેવું છે, જૂનું શું હતું અને નવું શું છે? એ બેન દ્વારા મને પૂછવામાં આવ્યું કે તમારું ગુજરાતમાં ફંડ ક્યાંથી આવે છે? તમારું વડોદરાનું ફંડ ક્યાંથી આવે છે? 24થી 26 તારીખ સુધી કેજરીવાલ રોકાયા એનું ફંડ ક્યાંથી આવ્યું? હું આજે હર્ષ સંઘવીને સીધું પૂછવા માંગુ છું કે, લોકોને પકડવા, લોકોને ધમકાવવા, લોકો પર ખોટા ખોટા કેસ કરવા, આવી રાજનીતિ કરવામાં માંગો છો? એ પરમાર મેડમ કોણ હતા? મને કોઈપણ એન્ગલથી એ પીઆઈ નહોતા લાગતા.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અશોક ઓઝાએ જણાવ્યું હતું કે, મને પૂરેપૂરી ખબર છે અને હું જાણું છું કે મારું સંગઠન જાણવા માટે અને એની પૂછપરછ કરવા માટે જેમ તેમ કરીને મને ત્યાં લઈ જવામાં આવ્યો, મારું કોઈ કાવતરું નથી, હું આમ આદમી પાર્ટીનો વફાદાર છું અને હંમેશા વફાદાર રહીશ. જે પણ દાવા કરવામાં આવી રહ્યા છે એ દાવા એકદમ પોકળ છે. પાર્ટીના ફંડ અને પાર્ટીની આંતરિક રાજનીતિને જાણવા માટે મને ત્યાં લઈ જવામાં આવ્યો હતો. મને ખોટી રીતે એક ખોટા કેસમાં ફસાવવાની કોશિશ કરવામાં આવી છે. મારો વિડીયો બનાવવામાં આવ્યો અને વીડિયોમાં હું "સાહેબ" બોલી જતો હતો તો ચાર વખત વિડીયો રિજેક્ટ કરવામાં આવ્યો. હવે કોઈની સામે 20 પોલીસવાળા ઉભા હોય તો તેની પાસેથી કોઈ કંઈ પણ કરાવી શકે છે.

### હરીફને ધમકાવવાના મામલે બન્નેને જામીન મળ્યાં

# 'આપ'ના કેશવજી ચૌહાણની આણંદ પોલીસ પૂછપરછ કરશે

(પ્રતિનિધિ) આણંદ તા.31

વડોદરા શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ અશોક ઓઝા અને તેમના સાથીદારે ઈન્ટેલિજન્સ બ્યુરોના નકલી અધિકારી બનીને ધમકી આપવાના કાવત્રાનો આણંદ પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ અંગે અશોક ઓઝા અને આણંદ રહેતા તેના સાગરીતની અટક કરવામાં આવી હતી. જોકે, રિમાન્ડ ન મળતાં જામીન પર છૂટકારો થયો હતો. પરંતુ પોલીસે આ અંગે જેને ધમકી મળી છે તે કેશવજીની પૂછપરછ હાથ ધરવા ચક્રોગતિમાન કર્યાં છે.

આણંદ પોલીસની તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, વડોદરા શહેર 'આપ'ના પ્રમુખ અશોક ઓઝા તેમના જ પક્ષના કેશવજી ચૌહાણને પોતાના રાજકીય હરીફ માનતા હતા. કેશવજીના વધતા વર્ચસ્વથી ડરી ગયેલા અશોક ઓઝાએ તેમને વડોદરાથી ભગાડી મૂકવા માટે કાવતરું રચ્યું હતું. તેઓએ નીતિન ધીરૂભાઇ ડાંગરીયા (રહે. આણંદ) મારફતે આઈબી અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી ફોન કરાવ્યો હતો. પોતે આઈબીના મોટા અધિકારી હોવાનો સ્વાંગ રચી કેશવજી ચૌહાણને ગંભીર ધમકીઓ આપી હતી.

આ સમગ્ર વાતચીત સોશિયલ મીડિયા પર વાયરલ થતા મામલો ગંભીર બન્યો હતો અને પોલીસ હરકતમાં આવી હતી.

જેમાં આણંદ પોલીસને સફળતા મળી હતી અને સમગ્ર મામલાનો ઘટસ્ફોટ કરીને અશોક ચંદ્રકાંતભાઇ ઓઝા (હાલ પ્રમુખ, વડોદરા શહેર આમ આદમી પાર્ટી) અને નીતિન ધીરૂભાઇ ડાંગરીયા (રહે. આણંદ, મૂળ જેતપુર)ની ધરપકડ કરી હતી. જોકે, તેમને રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં હતાં. પરંતુ રિમાન્ડ નામંજૂર થયાં હતાં અને જામીન મળી ગયાં હતાં. બીજી તરફ પોલીસે આ કેસમાં ઉંડાણ પૂર્વક તપાસ કરવા માટે કેશવજી ચૌહાણની પૂછપરછ હાથ ધરવા ચક્રોગતિમાન કર્યાં છે.

### બાઇક ચાલકે કૂદકો મારી જીવ બચાવ્યો

# મકરપુરા રોડ પર ST બસે મોટર સાયકલને અડફેટે લીધી

(પ્રતિનિધિ), વડોદરા. તા.31

શહેરના વ્યસ્ત ગણાતા મકરપુરા મેઈન રોડ પર આજે એક હૃદયધ્રુજાવનારો અકસ્માત સર્જાયો હતો. મકરપુરા હનુમાનજી મંદિરની બિલકુલ સામે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ની એક બસે આગળ જઈ રહેલા બાઈક સવારને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સીધી બસના તોતિંગ વ્હીલ નીચે ઘસી ગઈ હતી. જોકે, વિધાતાએ રક્ષણ કર્યું હોય તેમ, બાઈક સવારે સેકન્ડોના ભાગમાં સમયસૂચકતા વાપરીને ચાલુ બાઈકે કૂદકો મારી દીધો હતો, જેના કારણે તેનો આબાદ બચાવ થયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મકરપુરા મેઈન રોડ પરથી એક બાઈક સવાર પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેની પાછળ આવી રહેલ GSRTC ની બસના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ



ગુમાવ્યો હતો અને આગળ ચાલતા બાઈકને પાછળથી ટક્કર મારી દીધી હતી. બસની ટક્કર વાગતાં જ મોટરસાયકલ સ્લિપ થઈને સીધી બસના નીચેના ભાગમાં ઘૂસી ગઈ હતી અને કચડાઈ ગઈ હતી. અકસ્માતની એ જ સેકન્ડે બાઈક સવારે ગભરાયા વગર અદ્ભુત સ્ફૂર્તિ દર્શાવી હતી. મોતને સામે જોતા જ તેણે બાઈક પરથી રોડની સાઈડમાં કૂદકો મારી દીધો હતો. આ સમયસૂચકતાના કારણે તેનો જીવ બચી ગયો હતો, જેને પ્રત્યક્ષદર્શીઓએ કુદરતી ચમત્કાર ગણાવ્યો હતો.

### સેવાસીમાં આવેલી રિસર્ચ સંસ્થા સામે આક્ષેપ : પોલીસની ભૂમિકા પર પણ યુવાને સવાલો ઊઠાવ્યા

# રિસર્ચ ટ્રાયલને લઈને યુવાને ગંભીર આક્ષેપો કર્યા, સંસ્થાએ ફગાવ્યા

**સંસ્થાનો દાવો** - 'તમામ આરોપો પાયાવિહોણા'

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરાના સેવાસી વિસ્તારમાં આવેલી એક રિસર્ચ સંસ્થા સામે દવાની ક્લિનિકલ ટ્રાયલ પ્રક્રિયાને લઈને ગંભીર વિવાદ ઊભો થયો છે. પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના એક યુવાને સંસ્થા સામે ટ્રાયલ દરમિયાન થયેલી હેરાનગતિ, આરોગ્ય સંબંધિત તકલીફો અને નિયમોના ભંગના આક્ષેપો સાથે વહીવટી તંત્ર અને પોલીસ સમક્ષ રજૂઆત કરી છે. જોકે સંસ્થાએ તમામ આરોપોને નકારી કાઢતાં પોતે નિયમો મુજબ કામગીરી કરતી હોવાનો દાવો કર્યો છે.



યુવાનના જણાવ્યા અનુસાર, તે બ્લડ પ્રેશરની દવા સંબંધિત સંશોધન પ્રક્રિયામાં ભાગ લેવા વડોદરા આવ્યો હતો. ટ્રાયલ દરમિયાન તેને શારીરિક અને માનસિક તકલીફોનો સામનો કરવો પડ્યો હોવાનું તેણે આક્ષેપ કર્યો છે. વધુમાં, રિસર્ચ પ્રક્રિયા બંધ કરવાની ઈચ્છા વ્યક્ત કરવા છતાં તેના પર દબાણ કરાયું હોવાનો પણ તેણે દાવો કર્યો છે. ટ્રાયલ બાદ પોતાની તબિયત બગડતા તેણે પોલીસ અને સંબંધિત તંત્ર સમક્ષ ફરિયાદ નોંધાવી ન્યાયની માંગ કરી છે.પીડિત યુવાને રિસર્ચ પ્રક્રિયામાં ભાગ લેનાર અન્ય કેટલાક લોકો પર પણ નિયમો વિરુદ્ધ વારંવાર ટ્રાયલ કરાતી હોવાના આક્ષેપ કર્યા છે. સાથે જ, પોતાની ફરિયાદ પર યોગ્ય કાર્યવાહી ન થઈ હોવા અંગે પોલીસની ભૂમિકા પર પણ સવાલો ઉઠાવ્યા છે.બીજી તરફ, આક્ષેપો અંગે પ્રતિસાદ આપતા સંસ્થાના પ્રતિનિધિ મલ્લિકા ખન્નાએ જણાવ્યું હતું કે યુવાન દ્વારા કરવામાં આવેલા તમામ આરોપો ખોટા અને પાયાવિહોણા છે. તેમણે દાવો કર્યો હતો કે સંસ્થા પાસે પોતાની કામગીરીને સમર્થન આપતા પૂરતા પુરાવા ઉપલબ્ધ છે અને તમામ પ્રક્રિયાઓ નિયમો અનુસાર જ હાથ ધરવામાં આવે છે.હાલ સમગ્ર મામલો આક્ષેપ અને પ્રતિઆક્ષેપના તબક્કે હોવાથી સંબંધિત તંત્રની તપાસ બાદ જ હકીકતો સ્પષ્ટ થઈ શકશે. બંને પક્ષોના દાવાઓ વચ્ચે હવે સંભવિત તપાસ અને તેના પરિણામો પર નજર ટકેલી છે.

### એટ્રોસિટી એક્ટના અમલ અને સામાજિક ન્યાયની માગણી કરાઇ

# જન સ્વાભિમાન રેલીમાં ભીડ ઉગ્ર બની, પોલીસની ગાડીઓમાં તોડફોડ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.31

વડોદરા શહેરમાં આજે SC-ST સમાજના હક્કો, સામાજિક ન્યાય અને સ્વાભિમાનના મુદ્દાઓને લઈને જન સ્વાભિમાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાબાસાહેબની પ્રતિમાથી શરૂ થયેલી રેલી બીએસએનએલ ચાર રસ્તા પાસે આવી પહોંચતા પોલીસ અને કાર્યકર્તા વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસની ગાડીમાં નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે દાંડિયા બજાર ચાર રસ્તા પાસે તંગદિલી વ્યાપી ગઈ હતી. રેલી ઉગ્ર બનતા પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ભારે ઝપાઝપી થઈ હતી. જેના કારણે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. ચક્કાજામની સ્થિતિ સર્જાતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને કાર્યકરોની અટકાયત કરી હતી.

ઉલ્લેખનય છે કે, રેલી દરમિયાન સમાજના આગેવાનોએ સામાજિક સમાનતા, બંધારણીય અધિકારોના રક્ષણ અને કાયદાના અસરકારક અમલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



**વગર પરવાનગીએ રેલી કાઢી ટ્રાફિક જામ કર્યો**

રેલી સ્વરૂપે આવી બાપોદ પોલીસ સ્ટેશન ની અંદર તાત્કાલિક એફઆઈઆર ની માંગણી હતી આવી કોઇ કન્ટેન્ટ પોલીસને મળ્યું નથી અને વિરોધ પ્રદર્શનમાં પોતે પોલીસ કમિશનર આવે અને રોડ પર આવીને એમની માંગણીઓ સંતોષે, એફઆઇઆર તાત્કાલિક કરે એવી માંગણી કરી હતી. લોકોએ કોઇપણ રેલીની પરમિશન પણ લીધી ન હતી અને ટ્રાફિકજામ કર્યો હતો અને જરૂરી અમે બળ પ્રયોગ કરીને ડિટેનની કાર્યવાહી કરી છે. : **મંજીતા વણઝારા,** ડીસીપી ઝોન -2

### પાણીગેટ પોલીસ મથકે બુકિંગ કરાવનારાઓનો મોરચો

# 'શ્રી સિદ્ધેશ્વર પાર્થેશ્વર'માં બુકિંગ કરાવનારાનો કબજા માટે સંઘર્ષ

**2020માં બુકિંગ,** 2026માં પણ નથી ચાવી હાથમાં

(પ્રતિનિધિ), વડોદરા, તા. 31

અજબડી મિલ રોડ, ઠેકરનાથ મહાદેવ મંદિર નજીક નિર્માણાધીન 'શ્રી સિદ્ધેશ્વર પાર્થેશ્વર' પ્રોજેક્ટ સામે મધ્યમવર્ગીય પરિવારોમાં રોષ જોવા મળી રહ્યો છે. જીવનભરની બચત અને બેંક લોનના સહારે પોતાના 'સપનાનું ઘર' ખરીદનારા સેંકડો પરિવારો છેલ્લા છ વર્ષથી માત્ર આશ્વાસનોના ભરોસે જીવી રહ્યા છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ સંતોષકારક જવાબ ન મળતા કંટાળેલા રહીશોએ આખરે પાણીગેટ પોલીસ સ્ટેશનનો આશરો લીધો છે.



વર્ષ 2020 દરમિયાન અનેક પરિવારો દ્વારા આ પ્રોજેક્ટમાં મકાનો બુક કરાવવામાં આવ્યા હતા. બિલ્ડર દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં મકાનનો કબજો સોંપવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, વર્ષ 2026 અડધું પૂર્ણ થવા છતાં પણ મકાનોનો કબજો મળ્યો નથી.પરિણામે, અસરગ્રસ્ત પરિવારો બેવડા આર્થિક બોજ હેઠળ આવી ગયા છે. એક તરફ બેંક લોનના હપ્તા ચૂકવવાના છે, તો બીજી તરફ ભાડાના મકાનમાં રહેવાનો ખર્ચ પણ ઉઠાવવો પડી રહ્યો છે. રહીશોના જણાવ્યા મુજબ, બિલ્ડર સાથે ત્રણથી ચાર વખત બેઠકો યોજાઈ હતી અને દરેક વખતે પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ કામ પૂર્ણ કરવાની કોઈ ચોક્કસ સમયમર્યાદા આપવામાં આવી નથી.

### આરોપી હિરેન ઠક્કરને સાથે રાખીને કરાયું રિકન્સ્ટ્રક્શન

# કેટરિંગ સંચાલક હત્યા કેસ ક્રાઈમ રિકન્સ્ટ્રક્શન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

દાંડિયા બજાર- રાવપુરા વિસ્તારમાં બનેલી કેટરિંગ વ્યવસાયી બાબુ ચૌહાણ ઉર્ફે બાબુસિંઘની ઘાતકી હત્યાના ચકચારી કેસમાં પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. રાવપુરા પોલીસે ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી હિરેન ઠક્કરને ઝડપી પાડ્યા બાદ, ઘટનાની વાસ્તવિકતા અને કડીઓ જોડવા માટે તેને સાથે રાખીને ઘટનાસ્થળે ક્રાઈમ રિકન્સ્ટ્રક્શનની પ્રક્રિયા હાથ ધરી હતી. ઘટનાની રાત્રે પૈસાની લેણ દેણ અને કેટરિંગના ધંધાની જૂની અદાવતને લીધે એક સ્થળે દારૂની મહેફિલ જામી હતી. નશાની હાલતમાં હિરેન ઠક્કર અને બાબુસિંઘ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આવેશમાં આવીને આરોપી હિરેને તીક્ષ્ણ ચપ્પુના ઘા ઝીંકી બાબુસિંઘની



નિર્મમ હત્યા કરી નાખી હતી અને ઘટનાને અકસ્માતનું રૂપ આપવા માટે મૃતદેહ સાથેની કારને થાંભલા સાથે ભટકાવી દીધી હોવાની આશંકા છે. આ લોહિયાળ ખેલ ખેલાયો ત્યારે પૂર્વ ક્રિકેટર જેકોબ માર્ટિનપણ ત્યાં હાજર હતોની ચર્ચા પણ છે. મિત્ર બાબુસિંઘને પૂર્વ ક્રિકેટરે કેમ કોઈ મદદ ન કરી? તેમણે સમયસર હોસ્પિટલ પહોંચાડવા કે પોલીસને જાણ કરવા માટે કેમ કોઈ તત્પરતા ન દાખવી?ગુનામાં તેની કોઇ ચોક્કસ ભૂમિકા શું છે, તે દિશામાં પણ કાયદેસરની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

**નવતર પ્રયોગ** શહેરના વિવિધ 36 સ્થળો પર ત્રણ તબક્કામાં સોલર ટ્રી ઊભા કરી સૌર ઉર્જાથી વીજળી મેળવવાનું તંત્રનું આયોજન

# કમાટીબાગમાં આકર્ષક 'સોલર ટ્રી' લગાવાયા

**વાર્ષિક રૂ. 130 કરોડના** તોતિંગ વીજ બિલમાં ઘટાડો લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય

(પ્રતિનિધિ), વડોદરા. તા.31

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા વડોદરા શહેરમાં થતા વાર્ષિક કરોડો રૂપિયાના તોતિંગ વીજ ખર્ચ પર કાબુ મેળવવા અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે એક વિશેષ અને પ્રશંસનીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં થતા અંદાજિત રૂપિયા 130 કરોડ જેટલા જંગી વાર્ષિક વીજ ખર્ચને ઘટાડવા માટે હવે કુદરતી સ્ત્રોત એટલે કે સૌર ઉર્જા નો આશરો લેવાનું નક્કી કરાયું છે. આ નવતર આયોજનના ભાગરૂપે વડોદરાના ઐતિહાસિક અને પ્રખ્યાત સયાજી બાગ ખાતે પ્રથમ તબક્કામાં આકર્ષક સોલર ટ્રી લગાવીને આ પ્રોજેક્ટનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. પાલિકાના સત્તાવાર સૂત્રો અને વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ



દ્વારા અગાઉ આપવામાં આવેલી વિગતો અનુસાર, સમગ્ર શહેરમાં સૌર ઉર્જાની મદદથી એનર્જી પ્રોડક્શન વધારવા માટેનું એક વિસ્તૃત માળખું તૈયાર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના અલગ-અલગ મહત્વના 36 સ્થળો ઉપર કુલ ત્રણ તબક્કામાં આ પ્રકારના સોલર ટ્રી લગાવવાનું આયોજન છે. કોર્પોરેશનની યોજના મુજબ આગામી સમયમાં શહેરના જુદા-જુદા જાહેર બગીચાઓ તેમજ ટ્રાફિક સિગ્નલો ઉપર પણ આ રીતે સૌર ઉર્જા પેનલ ધરાવતા વૃક્ષો ઊભા કરવામાં આવશે, જેથી ટ્રાફિક સિગ્નલ અને બગીચાઓમાં વપરાતી વીજળી પૂરતા પ્રમાણમાં ત્યાંથી જ ઉત્પાદિત કરી શકાય અને પાલિકાના આર્થિક બોજને હળવો કરી શકાય. હાલ આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટના પ્રથમ તબક્કાની કામગીરી સફળતાપૂર્વક શરૂ કરી દેવામાં આવી છે અને કમાટીબાગમાં સ્થાપિત કરાયેલા સોલર ટ્રી મુલાકાતીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

જો કે, સૌર ઉર્જાનો સંપૂર્ણપણે ઉપયોગ કરીને શહેરના કરોડો રૂપિયાના વાર્ષિક વીજ ખર્ચને કાબુમાં લેવામાં અને મહાનગર સેવા સદનનું તંત્ર આ ગ્રીન પ્રોજેક્ટ પાછળ કેટલા અંશે સફળ પુરવાર થાય છે, તે તો આવનારા દિવસોમાં જ્યારે ત્રણેય તબક્કાનો આ સંપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થશે અને તંત્ર દ્વારા તેના વીજ ખર્ચના ઓડિટ અને હિસાબો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે ત્યારે જ સ્પષ્ટ થઈ શકશે. પરંતુ હાલ તબક્કે પર્યાવરણની જાળવણી અને આર્થિક બચત તરફ વડોદરા પાલિકાનું આ એક ખૂબ જ સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે.

### શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફની 386 જગ્યાઓ પણ મંજૂર

# રાજ્યમાં 98 નવી સરકારી સ્કૂલોને લીલી ઝંડી,વડોદરા ઝોનને ફાયદો

(પ્રતિનિધિ) વડોદરા, તા.31

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાજ્યમાં વિદ્યાર્થીઓના હિતમાં ઐતિહાસિક નિર્ણય લીધો છે. નવા શૈક્ષણિક સત્રથી 88 સરકારી માધ્યમિક શાળા, 3 સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા તથા આદિવાસી વિસ્તારની 10 સરકારી માધ્યમિક શાળા એમ કુલ 98 નવી શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી છે. સાથે જ 386 કર્મચારીઓની સ્ટાફની પણ મંજૂરી અપાઈ છે.

બિન-આદિવાસી વિસ્તારની 88, આદિવાસી વિસ્તારની 10 અને 3 ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો મળી કુલ 213 વર્ગખંડો શરૂ થશે. રાજ્ય સરકારે 100% નામાંકન અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા આ નિર્ણય લીધો છે. વડોદરા જિલ્લાના ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોની દરખાસ્તો શિક્ષણ વિભાગમાં પ્રોસેસમાં છે. છોટા ઉદેપુરમાં 4 સ્કૂલો મંજૂર થઈ છે, જે વડોદરા ઝોનને સીધો ફાયદો કરાવશે. નવી શાળાઓ માટે શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફની 386 જગ્યાઓ મંજૂર થતાં વડોદરાના યુવાનો માટે નોકરીની તકો ખુલશે.

અમરેલી 6, અરવલ્લી 4, આણંદ 3, ખેડા 3, ગીર સોમનાથ 4, જામનગર 6, જૂનાગઢ 4, ડાંગ 2, દેવભૂમિ દ્વારકા 2, પંચમહાલ 3, પાટણ 3, પોરબંદર 2, બનાસકાંઠા 10, બોટાદ 4, મહેસાણા 7, મોરબી 3, રાજકોટ 2, વલસાડ 10, સાબરકાંઠા 2, સુરત 4, સુરેન્દ્રનગર 2, છોટા ઉદેપુર 4, વગેરે. વડોદરા જિલ્લા માટે પણ ધો.9 અને 11ના વર્ગો સાથેની નવી સ્કૂલોની દરખાસ્ત રાજ્ય સરકારમાં મોકલી દેવાઈ છે. ખાસ કરીને પાદરા, કરજણ, સાવલી અને ડભોઈ તાલુકાના અંતરિયાળ ગામોને પ્રાથમિકતા અપાશે. મંજૂરી મળતાં જ વડોદરામાં પણ શૈક્ષણિક ક્રાંતિ આવશે. વર્ષ 2014-15થી2024-25 દરમિયાન 47.73 કરોડની ગ્રાન્ટ ફાળવી 27 સ્કૂલોના બિલ્ડિંગનું કામ પૂર્ણ થયું છે. આ નવી 98 સ્કૂલોથી રાજ્યના 20 હજારથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી નવી શાળાઓ અને વધારાના વર્ગખંડોથી શિક્ષણની ગુણવત્તા સુધરશે તેમજ સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઊભી થશે.